# ગુજરાત જાહેર સેવા આયોગ

## અગત્યની જાહેરાત

ગુજરાત જાહેર સેવા આયોગ ધ્વારા આપવામાં આવેલ નીચે મુજબની જાહેરાતોની પ્રાથમિક કસોટી માહે ઓકટોબર-૨૦૧૭ દરમિયાન ગાંધીનગર/અમદાવાદના વિવિધ પેટા કેન્દ્રો ખાતે યોજાનાર છે. આ જગ્યાઓની પ્રાથમિક કસોટીના અભ્યાસક્રમ આયોગની વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

| ક્રમ | જગ્યાનું નામ | જાહેરાત ક્રમાંક | પ્રાથમિક કસોટીની તારીખ | સમય | પ્રવેશપત્ર ડાઉનલોડકરવાની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | સરકારી ઇજનેરી કોલેજ ખાતે અંગ્રેજીના સહાયક પ્રાધ્યાપક, વર્ગ-૨ | ૧૦૬/૨૦૧૫-૧૬ | ૦૮-૧૦-૨૦૧૭ (રવિવાર) | ૧૧:૦૦ થી ૧૨:૪૦ | તા.૨૮-૦૯-૨૦૧૭ ના રોજ બપોરે ૦૧-૦૦ કલાકથી તા.૦૮-૧૦-૨૦૧૭ના રોજ સવારે ૦૯-૦૦ કલાક સુધીમાં |
| ૨ | સરકારી ઇજનેરી કોલેજ ખાતે ગણિતશાસ્ત્રના સહાયક પ્રાધ્યાપક, વર્ગ-૨ | ૧૦૭/૨૦૧૫-૧૬ | ૦૮-૧૦-૨૦૧૭ (રવિવાર) | ૧૧:૦૦ થી ૧૨:૪૦ | તા.૨૮-૦૯-૨૦૧૭ ના રોજ બપોરે ૦૧-૦૦ કલાકથી તા.૦૮-૧૦-૨૦૧૭ના રોજ સવારે ૦૯-૦૦ કલાક સુધીમાં |
| ૩ | પોલીસ ઇન્સ્પેક્ટર (બિન હથિયારધારી), વર્ગ-૨ | ૩૮/૨૦૧૭-૧૮ | ૧૫-૧૦-૨૦૧૭ (રવિવાર) | ૧૧:૦૦ થી ૦૨:૦૦ | તા.૦૧-૧૦-૨૦૧૭ ના રોજ બપોરે ૦૧-૦૦ કલાકથી તા.૧૫-૧૦-૨૦૧૭ ના રોજ સવારે૦૯-૦૦ કલાક સુધીમાં |

જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ છે અને ભરવાપાત્ર નિયત ફી ભરેલી હોય તેવા તમામ ઉમેદવારોને આ પરીક્ષામાં કામચલાઉ ધોરણે ઉપસ્થિત થવા દેવાનો આયોગે નિર્ણય કરેલ છે. ઉપર્યુકત તમામ જાહેરાતોના સંબંધિત ઉમેદવારોએ કોલમ (૬)માં દર્શાવેલ તારીખથી પરીક્ષાના દિવસે પરીક્ષા શરૂ થવાના સમયથી અગાઉના બે કલાક સુધીમાં પોતાના પ્રવેશપત્ર, હાજરીપત્રક તથા ઉમેદવારો માટેની સૂચનાઓ (પરિશિષ્ટ-૧ અને ૨) "online" http://gpsc-ojas.gujarat.gov.inપરથી ડાઉનલોડ કરવાના રહે છે. જે ઉમેદવારો પોતાનો પ્રવેશપત્ર અને હાજરી પત્રક સમયમર્યાદામાં ડાઉનલોડ નહી કરી લે તેમને પ્રવેશ મળશે નહી તથા તમામ ઉમેદવારોને અનુરોધ કરવામા આવે છે કે તેઓ દ્વારા તેમના પ્રવેશપત્રો ડાઉનલોડ કરવા આખરી સમયની રાહમાં રહયા સિવાય વેળાસર ડાઉનલોડ કરી લેવા, જેથી છેલ્લી ક્ષણોમાં કોઈ તકલીફના ભોગ બનવાના સંજોગો ઉપસ્થિત ન થાય. (જાહેરાત ક્રમાંક ૩૮/૨૦૧૭-૧૮ના ઉમેદવારોએ હાજરી પત્રક ડાઉનલોડ કરવાનું રહેશે નહી.)

પ્રવેશપત્ર વગેરે "online"ડાઉનલોડ કરવા માટે ઉમેદવારોએ નીચે મુજબ તબક્કાવાર કાર્યવાહી કરવાની રહેશે. (૧) https://gpsc-ojas.gujarat.gov.inવેબસાઇટ પર જવું. (૨) "print call letter"પર "click"કરવું. (૩) અહીં ઉમેદવારે પોતાની "job select"કરવી તથા "conformation number" અને "birthdate"ટાઇપ કરવાના રહેશે. (૪) હવે "print call letter" પર "click"કરી પ્રવેશપત્રની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. પ્રવેશપત્રમાં નોંધની અંદર પરિશિષ્ટ-૧ અને ૨ પર "click"કરવાથી ઉમેદવારની સૂચનાઓ (પરિશિષ્ટ-૧ અને ૨) ની પ્રિન્ટ કાઢવાની રહેશે.આ તમામ દસ્તાવેજોની પ્રિન્ટ અચૂક કાઢવામાં આવે તેની નોંધ લેવી.પરીક્ષા સમયે પ્રવેશપત્ર અને હાજરીપત્રક સાથે લાવવાનું રહેશે. તેના સિવાય પ્રવેશ મળશે નહી. જે ઉમેદવારોના ફોટા પ્રવેશપત્રમાં સ્પષ્ટ જોઇ શકાય તેવા આવેલા ન હોય તો તેવા ઉમેદવારોએ પોતાનો પાસપોર્ટ સાઇઝનો તાજેતરનો ફોટો એટેન્ડન્સ શીટમાં ચોંટાડીને ઉપર પોતાની સહી કરવાની રહેશે. આ ફોટો ઉમેદવારનો પોતાનો છે તેની સ્પષ્ટતા માટે ફોટાવાળું ઓળખપત્ર સાથે રાખવું આવશ્યક છે. પ્રવેશપત્રમાં ક્યું પરીક્ષાકેન્દ્ર તેઓને ફાળવવામાં આવ્યું છે તે ચકાસી લેવા ઉમેદવારોને ખાસ જણાવવામાં આવે છે.

**<u>ખાસ નોંધ:</u>(૧) બિન અનામત કક્ષા (જનરલ કેટેગરી) ના જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ છે પરંતુ પોસ્ટ ઓફીસમાં અરજી ફી ભરેલ નથી તેવા ઉમેદવારો પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે નહી. આવા ઉમેદવારોએ આયોગની કચેરી (સરનામું: સેક્ટર-૧૦-એ, "છ-૩" સર્કલ પાસે, "છ" રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦) ખાતે પરીક્ષાના આગળના કામકાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ તરીકે રૂ.૫૦૦/- હિસાબી શાખામાં રોકડેથી ભરવાના રહેશે, ત્યારબાદ જ પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે. જેની સંબંધિત ઉમેદવારોએ ખાસ નોંધ લેવી. (૨) બિન અનામત કક્ષા (જનરલ કેટેગરી) ના જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ હોય છતાં પ્રવેશપત્ર ડાઉનલોડ થતો ન હોય અથવા વેબસાઇટ પર"not found"જણાતો હોય તેવા ઉમેદવારોએ પરીક્ષાના આગળના કામકાજના દિવસ સુધીમાં આયોગની કચેરી ખાતે કચેરી સમય દરમ્યાન અરજી કર્યાના પુરાવા સહિત રૂબરૂ સંપર્ક કરવા જણાવવામાં આવે છે.**

તા.૨૮/૦૯/૨૦૧૭